©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVI ] THURSDAY, 25th DECEMBER, 2025/PAUSHA 04, 1947 [ Issue No. 52**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 1097-1112 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 5657-5810 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૮૩૬/૨૦૨૫, તા. ૦૭-૧૧-૨૦૨૫.

**જાહેરનામું**

નં. નાચી/પલસ/વશી/૧૦૨૪/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી રાજ્ય અનામત દળ જુથ-૨૧ બાલાની વાનાઓને અત્રેના જિલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ, તા. બાબરા ખાતે તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૯-૧૧-૨૦૨૫ સુધી દિન-૦૬ માટે ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય સદરહુ ફાયરીંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉક્ત વિગતે રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ સવાલવાળા સ્થળની આજુ બાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૯-૧૧-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાનાં વાંકીયા ગામના સરકારી પડતર રે.સ. નં. ૬૦૧, હે. ૩-૮૮-૬૩ ચો.મી. વાળી જમીન કે જે અત્રેનાં હુકમ નં. ચિ./જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧ થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગું પડશે નહી.

આ જાહેરનામું તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૯-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહુ જાહેરનામું પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવાનું રહેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરાવવાની રહેશે.

આજ તા. ૨૦, નવેમ્બર, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું**

**વિષય :** ''પથિક'' સોફ્ટવેરના અમલીકરણ બાબત

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ પથિક સોફટવેર/૧૦૬૯/૨૦૨૫, તા. ૦૭-૧૧-૨૦૨૫

**જાહેરનામું**

નં. નાચિ/પલસ/વશી/ઈ-૧૨૧૩૨૬/૨૦૨૫.-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ પથિક સોફ્ટવેર/૧૦૬૯/૨૦૨૫, તા. ૦૭-૧૧-૨૦૨૫ થી હોટલમાં રોકાણ કરનાર ગ્રાહક/મુસાફરોની માહિતી હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી થાય તે માટેનું સીકયોર વેબ પોર્ટલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel Information) વિકસાવવામાં આવેલ છે તથા આ સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચના સોફટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફટવેર કોઈપણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ, યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ શકે છે.

(૨) પથિક સોફટવેરથી એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી, ટેકનોલોજીની મદદથી સમય મર્યાદામાં કોઈપણ ગુનો બનતો અટકાવી શકાય અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપુર્ણ કડી સાબિત થઈ શકે છે. સાંપ્રત સમયમાં બનતા ગુન્હા તથા આંતકવાદ જેવી ઘટનાઓ અટકાવવા, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવી થોડી મુશ્કેલી તથા સમયનો વ્યય થાય પરંતુ ''પથિક'' સોફટવેર મારફત આ કામગીરીને ચેક કરી ગુન્હાહીત કે અન્ય માહિતી તાત્કાલીક મળી શકે છે. તેમજ સરળતાથી તપાસમાં ઉપયોગી થઈ શકે તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકે છે.

(૩) તદ ઉપરાંત અમરેલી જિલ્લા ખાતે દરિયાઈ વિસ્તાર ખૂબ જ લાંબો આવેલ હોય અને ત્યા મોટી કંપનીઓ કાર્યરત હોય અને જેમાં મહત્વની આંતરરાષ્ટ્રીય મુસાફરો/પ્રવાસીઓની અવર-જવર રહેતી હોય,

જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફટવેરની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં નીચે મુજબની બાબતોનો ચૂસ્ત અમલ કરવા ફરમાવું છું.

1. અમરેલી જિલ્લાની તમામ હોટેલો અને ગેસ્ટહાઉસ ખાતે પ્રાંત/રાજય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત ''પથિક'' (PATHIK -Programme for Analysis of Travellers and Hotel Information) સોફટવેરમાં હોટલના માલિક/સંચાલકે અવશ્ય કરવી.
2. જાહેરનામું પ્રસિદ્ધ થયેથી સોફટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન-એ બ્લોક, પ્રથમ માળ, રૂમ નં.-૧૦૨, એસ.ઓ.જી. શાખા ખાતેથી હોટલ સંચાલક/માલિકે હોટલની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૦ માં મેળવી લેવાના રહેશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૨૭-૧૧-૨૦૨૫ થી તા. ૨૫-૦૧-૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરનાં કોઈ પણ હેડ કોન્સટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવા તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ હોટલ સંચાલકો/માલીકોને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૨૬, નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ**

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ હોસ્પિટલ/કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

## જાહેરનામુ

નં. નાચી/પલસ/વશી/૧૦૩૦/૨૦૨૫.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીના તા. ૧૫-૧૧-૨૦૨૫ ના પત્ર નં. આરો-૩૪/પી.સી.પી.એન.ડી.ટી./સી.સી.ટી.વી./જાહેરનામા/દરખાસ્ત/વશી/૧૦૭/૨૦૨૫ થી P.C. And P.N.D.T. ACT-1994 ના અમલીકરણ માટે રચાયેલ સલાહકાર સમિતિમા અમરેલી જિલ્લામાં જાતિય પરીક્ષણનાં ગુન્હા રોકવા માટે દરેક P.C. And P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમાં બિનઅધિકૃત લોકોની અવર-જવર ઉપર દેખરેખ માટે ફરજીયાત ૩૦-દિવસના ઓડિયો-વિડીયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેક અપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ, જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમરેલી દ્વારા કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ, હું દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. અમરેલી જિલ્લાના સમગ્ર P.C. And P.N.D.T. ACT હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલો/કિલનિકો/સંસ્થાઓમાં ફરજીયાત પણે ૩૦-દિવસના સી.સી.ટી.વી. કેમેરાના ઓડીયો-વિડિયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથેના સી.સી.ટી.વી. કેમેરા જે તે સ્થળને સમ્પૂર્ણ પણે આવરી લે તેવી રીતે પુરતી સંખ્યામા લગાવવાના રહેશે અને ૨૪×૭ કાર્યરત રાખવાના રહેશે.

૨. સોનોગ્રાફી રૂમમાં નક્કી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી, તેમજ સોનોગ્રાફી રૂમની અંદર કે જ્યાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ.

૩. નક્કી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નિકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારનાં દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમનાં આવન-જાવનનાં દરવાજા અલગ અલગ હોય તો બન્ને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવાનાં રહેશે.

૪. સંબધંક ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સંબંધક હોસ્પિટલ/કિલનિક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૨-૦૧-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમયગાળા સુધી અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતા (બી.એન.એસ.)-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલી, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમ અન્વયે અમરેલી જિલ્લામા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમરેલી, સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ તેમજ અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૦-નવેમ્બર-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

અમરેલી, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**દિલિપસિંહ ગોહિલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું**

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતાં હોસ્પિટલ/ કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

## જાહેરનામું

નં.એમએજી/સી/૧૬૩/E-૩૨૦૭૮૦/૨૦૨૫.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદરના પત્ર નં. જીપં/આરો/પોર/પી.એન.ડી.ટી./૯૫૯/૨૦૨૫, તા. ૨૪-૧૧-૨૦૨૫ થી પોરબંદર જિલ્લાની જુદી જુદી કુલ-૧૮ પી.સી. અને પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ અને એન્ટીનેટલ સોનગ્રાફી કરતી હોસ્પિટલ/કલીનીક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી. ટીવી કેમેરા લગાવવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. હાલ P.C. & P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેવી પોરબંદર જિલ્લાની કુલ-૧૮ કલીનિકો/હોસ્પિટલ/સંસ્થાઓ કાર્યરત છે. આ રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ફરજીયાત ૩૦ દિવસના ઓડીયો-વિડિયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ, જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર દ્વારા કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું જે. બી. વદર (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના P.C.& P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી પોરબંદર જિલ્લાની કુલ-૧૮ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમા નીચે મુજબ હુકમ કરુ છું કે,

(૧) પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં P.C. & P.N.D.T. ACT અન્વયે નોંધાયેલ કલીનીકોમાં ફરજીયાત ૩૦ દિવસના (૨૪×૭ કલાક) ઓડિયો વિડીયો બેકઅપ સાથે સી.સી.ટી.વી. કાર્યરત રાખવાના રહેશે અને સોનોગ્રાફી રૂમમાં નકકી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી. સોનોગ્રાફી રૂમની અંદર કે જયાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૨) નકકી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમના આવન-જાવન નાં દરવાજા અલગ અલગ હોય તો બંને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૩) કોઈ હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે એકથી વધુ ડોકટર હોય તેવી હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે તમામ ડોકટરની ચેમ્બર કે જ્યાં સોનોગ્રાફી મશીન હોય તેવા તમામ ડોકટરની ચેમ્બરની બહારના દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. આ બાબત વીઝીટીંગ ડોકટરના કીસ્સામાં પણ લાગુ પાડવાની રહેશે.

(૪) સંબંધિત ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સબંધિત હોસ્પીટલ/કલીનીક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૨૯-૦૧-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર અથવા તેના તાબાનાં સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તથા નાયબ માહિતી નિયામકશ્રી, પોરબંદરની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૨૯-૧૧-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

પોરબંદર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**જે. બી. વદર**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૩૫૨/હ.બં. જા.ના/નવે-ડિસે/૨૫.- આગામી નવેમ્બર/૨૦૨૫-ડિસેમ્બર/૨૦૨૫ના માસ દરમ્યાન તા. ૨૪-૧૧-૨૦૨૫ ના રોજ વિનાયક ચોથ, તા. ૨૫-૧૧-૨૦૨૫ ના નાગપંચમી તા. ૦૪-૧૨-૨૦૨૫ ના દત્તાત્રેય જયંતિ, તા. ૧૧-૧૨-૨૦૨૫ ના કાલાષ્ટમી તથા તા. ૧૪-૧૨-૨૦૨૫ ના શ્રી પાર્શ્વનાથ જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./ ૩૯૧૫/૨૦૨૫, તા. ૧૦-૧૧-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૯-૧૧-૨૦૨૫ થી તા. ૧૮-૧૨-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી કોઈએ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(છ) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટ્ય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

**: પરિશિષ્ટ :**

''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૮-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૮ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**એન. ડી. ગોવાણી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરનાં તા. ૨૧-૧૧-૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૭૫૬/૨૫

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૧/ઉત્તરાયણ જા.નામું/૨૦૨૫/વશી ૪૯૮૦ થી ૫૦૦૫.-તા. ૧૪/૧૫-૦૧-૨૦૨૬ના રોજ ઉત્તરાયણ તથા વાસી-ઉત્તરાયણ તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. સામાન્ય સંજોગોમાં ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણના તહેવારની ઉજવણી માટે અગાઉથી પતંગ તથા દોરીના વેચાણ બાબતે તેમજ ધાબા, અગાસીઓ તેમજ ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય છે. આ દિવસોમાં ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ), ચાઈનીઝ દોરી તેમજ ચાઈનીઝ માંઝા/ સિન્થેટીક માંઝા/નાયલોન/સિન્થેટીક પદાર્થ/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા

અન્ય હાનિકારક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરીના ઉપયોગથી પશુ-પક્ષી તેમજ પર્યાવરણ નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ બહાર પાડવા તથા ચુસ્ત રીતે તેનો અમલ થાય તે માટે તકેદારી રાખવા પર્યાવરણ (સુરક્ષા) અધિયિનયમ-૧૯૮૬ની કલમ-૫ મુજબ તથા ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) નવી દિલ્હી અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ હુકમ તથા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના વંચાણવાળી દરખાસ્ત ધ્યાને લેતાં તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૪-૦૧-૨૦૨૬ સમયગાળા સુધી નીચે મુજબની સૂચનાઓ અમલમાં મુકવી જરૂરી જણાય છે.

વાસ્તે હું આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ની કલમ-૩૭ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઉકત તારીખોના રોજ મકરસંક્રાતિના તહેવાર દરમિયાન લોકો દ્વારા પતંગ ચગાવવા માટે તથા અન્ય નીચે મુજબની સુચનાઓ અમલમાં મુકવી મને જરૂરી જણાય છે.

(૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT), નવી દિલ્હી અને Hon. High Court of Gujarat દ્વારા આપવામાં આવેલ હુકમ અન્વયે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/glass coated nylon thread/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબતે વિગતવારની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ The Environment (protection) Act, 1986; The Prevention of Cruelty to Animals Act, 1960; The Wildlife (Protection) Act, 1972 અને Indian Penal Code, 1860 વિગેરે હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT), નવી દિલ્હી સમક્ષની ઓરીજનલ એપ્લિકેશ નં. ૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬ ખાલીદ અશરફ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસ તા. ૧૧-૦૭-૨૦૧૬ ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી/ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ અંગે ગૃહ વિભાગ ગાંધીનગરના તા. ૧૦-૦૧-૨૦૨૨ના પત્ર નં. વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી અપાયેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩) ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/glass coated nylon thread/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)ના ઉપયોગથી મિલકત, માનવજીવ તથા પશુ-પક્ષીઓને શારિરીક ઈજાઓ થતી હોય છે અને જે જીવલેણ પણ બની શકે છે. તે માટે જનજાગૃત્તિ ઊભી કરવા print/electronic/social media માં પ્રચાર-પ્રસાર કરવો જરૂરી જણાય તો આ અંગે અંગ્રેજી/ગુજરાતી સમાચાર પત્રોમાં paid advertisement પ્રસિધ્ધ કરવી અને ગુનાહિત પ્રવૃત્તિ કરનારાઓમાં અવરોધ ઊભો થાય તે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

(૪) મકાન/ફલેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીનાં મેદાનમાં ત્યાંના રહિશ સિવાયની કોઈપણ વ્યકિતને પ્રવેશ આપવાનો રહેશે નહિં. ફલેટ/રહેણાંક સંબંધિત કોઈપણ સુચનાઓના ભંગ બદલ સોસાયટી/ફલેટના સેક્રેટરી/અધિકૃત વ્યકિતઓ જવાબદાર રહેશે અને તેઓ વિરૂધ્ધ નિયમોનુસારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) કોઈપણ વ્યકિત જાહેર જનતાની લાગણી દુભાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા કોઈ પણ પ્રકારના લખાણો/સ્લોગન/ચિત્રો પતંગ પર લખી શકશે નહી.

(૬) કોઈપણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ/રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા નહીં. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડસ્પીકર વગાડવા નહીં.

(૭) જાહેર માર્ગો ઉપર કોઈપણ વ્યકિત/સંસ્થાઓ દ્વારા જાહેરમા ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તથા આમ જનતા દ્વારા ઘાસચારો ખરીદીને જાહેર રસ્તા કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભા કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૮) ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલ પતંગો અને દોરીઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાસની લાંબી લાકડીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવીને આમ-તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ પર દોડાદોડી કરવા પર તેમજ ટેલિફોન કે ઈલેકટ્રીકના તાર પર લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર (દોરી) વડે ફસાયેલ દોરી કે પતંગ કાઢવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૯) જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ઉત્તરાયણ હેલ્પ ડેસ્ક કાર્યરત કરી, PI/PSI/ASI કક્ષાના અધિકારીઓને 24×7 basis ઉપર તૈયાર કરી, ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી, glass coated nylon thread/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ કે વપરાશની ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે જાગૃત નાગરીકો દ્વારા Dail 100 અને Dail 112 ઉપર મળતી ફરીયાદો/input ને એક અલગ રજિસ્ટરમાં નોંધી સંબંધિત પોલીસ સ્ટેશન/Field Terms/PCR Van/મારફતે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) ઉપરોકત સુચનાઓ અસરકારક અમલીકરણ માટે પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત તેમજ પેટ્રોલીંગ રાખવાનું રહેશે તથા જરૂરીયાત અનુસાર ડ્રોન તેમજ સી.સી.ટી.વી. મારફતે પણ સર્વેલન્સ રાખવાનું રહેશે.

**: વિસ્તાર :**

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે.

**: સમયગાળો :**

આ જાહેરનામું તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૪-૦૧-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૧ માહે નવેમ્બર, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) હેઠળનુ

વંચાણે :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગરના પત્ર નં. સીબી-૨/૧૭૧૧

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૪-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૭૬૫/૨૫

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧

## જાહેરનામું

૧. નં. મજસ-૧/રૂટ ડાયવર્ઝન જા.નામું/૨૦૨૫/વશી ૫૦૦૮ થી ૫૦૩૩.- કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગરના વંચાણ ક્રમાંક-૧ વાળા પત્રની વિગતે થાનગઢ-મનડાસર રોડ પર મનડાસર ગામતળમાં સી.સી. રોડની કામગીરી કરવાની થતી હોય આ રસ્તો ભારે વાહનો માટે બંધ કરી મનડાસર-સારસાણા-મોરથળા-થાનગઢ વાળા રસ્તાનો અલ્ટરનેટ રૂટ તરીકે ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

૨. વંચાણ ક્રમાંક-૨ વાળા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રની વિગતે પોલીસ ઈન્સપેકટરશ્રી, થાનગઢ મારફતે તપાસ કરાવતા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાનના અધિકારીશ્રીઓએ ઉપરોકત જણાવેલ રૂટ પર અલ્ટરનેટ રૂટ તરીકે એક બાજુનો રસ્તો નાના વાહનો માટે ચાલુ રાખવા અને દિન-૧૦ માટે ઉપરોકત રૂટ ભારે વાહનો માટે બંધ રાખવા જણાવેલ. જેથી થાનગઢ-મનડાસર રોડ પર મનડાસર ગામતળમાં સી.સી. રોડની કામગીરી દરમ્યાન દિન-૧૦ માટે સદર રૂટ ફકત ભારે વાહનો માટે બંધ રાખવા અને અલ્ટરનેટ રૂટ તરીકે મનડાસર-સારસાણા-મોરથળા-થાનનો ઉપયોગ કરવા તેમજ નાના વાહનો માટે એક બાજુનો રસ્તો ચાલુ રાખવાની શરતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

૩. વંચાણ ક્રમાંક-૧ વાળી દરખાસ્ત અને વંચાણ ક્રમાંક-૨ વાળા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરેન્દ્રનગરનો અભિપ્રાય ધ્યાને લઈ થાનગઢ-મનડાસર રોડ પર મનડાસર ગામતળમાં આવેલ રસ્તા પર સી.સી. રોડની કામગીરી કરવા માટે ‘‘ભારે વાહનોના અવર-જવર પર પ્રતિબંધ/ડાયવર્ઝન’’ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતું હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ હું આર. કે. ઓઝા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો આ જાહેરનામાની તારીખથી ઉક્ત સી.સી. રોડની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ રસ્તા પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન આપવા જાહેર કરૂ છું.

**વૈકલ્પિક રસ્તો :**

મનડાસર-સારસાણા-મોરથળા-થાનગઢવાળા રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

૪. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૫. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૫ માહે નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામા આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૫ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેર સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા અંગેનું

**સંદર્ભ :** પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૧૧-૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૫૭/૨૫

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સી.સી.ટી.વી. કેમેરા જા.નામું/૨૦૨૫/વશી-૫૦૮૮ થી ૫૧૧૭.-ભૂતકાળમાં અમદાવાદમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતોને મોટા પાયે નુકશાન કરવામાં આવેલ તે ધ્યાને લેતા તથા રાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થાઓ તરફથી વખતો વખત આ અંગે મળતી માહિતી મુજબ આવી રાષ્ટ્ર વિરોધી આંતકવાદી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્ય તેમજ બહારથી આવે છે અને વાહનોનો ઉપયોગ કરે છે. હાઈવેની હોટલોમાં નાસ્તો અથવા જમવા માટે રોકાય છે. તેમજ પેટ્રોલપંપમાં પેટ્રોલ/ડીઝલ પુરાવવા પણ ઉભા રહેતા હોય અને ગુનો આચરતા પહેલા સ્થાનિક જગ્યાઓનું સર્વેક્ષણ કરતા હોય છે. જેથી આવી બાબતોને ધ્યાને રાખી આતંકવાદી/ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવા હોટલો, રેસ્ટોરન્ટો, પેટ્રોલ પંપ, ટોલપ્લાઝા, શોપિંગ મોલ/કોમ્પલેક્ષ હોસ્પિટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેન્કો, આંગડીયા પેઢી, ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળાઓ/મુસાફીરખાના, મનોરંજનના તમામ સ્થળો, આંગડીયા પેઢી, વિગેરે જાહેર સ્થળો ખાતે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જરૂરી છે.

જેથી સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ હોટલો, રેસ્ટોરન્ટો, પેટ્રોલ પંપ, ટોલપ્લાઝા, શોપિંગ મોલ/કોમ્પલેક્ષ હોસ્પિટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેન્કો, આંગડીયા પેઢી, ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળાઓ/મુસાફીરખાના, મનોરંજનના તમામ સ્થળો, આંગડીયા પેઢી, વિગેરે જાહેર સ્થળો ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા તમામ સ્થળો ખાતે અંદર તથા બહાર બન્ને પ્રિમાઈસીસ સંપુર્ણ કવર થાય તે મુજબ લગાવવા, જેમાં ઓછામાં ઓછુ એક માસનું બેક-અપ રહે તેવા ડીવીઆર સાથે લગાવવા તથા આ સી.સી.ટી.વી. કેમેરા પૈકી એક સી.સી.ટી.વી. કેમેરો રોડ/રસ્તાની મુવમેન્ટ તથા એન્ટ્રી/એકઝીટ સંપૂર્ણપણે કેપ્ચર થાય તે રીતે લગાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ના સમયગાળા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સંદર્ભવાળા પત્રથી પોલીસ અધિક્ષકશ્રી સુરેન્દ્રનગર દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

વાસ્તે હું આર. કે. ઓઝા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂએ ભારીતય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે (૧) સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ ઢાબા, ટી સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, આંગડીયા પેઢી, મનોરંજનના તમામ સ્થળો ખાતે હાઈ ડેફિનેશન તથા નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જેમાં ઓછામાં ઓછું એક માસનું બેકઅપ રહે તેવા ડી.વી.આર. સાથે લગાવવાના રહેશે. (૨) હોટેલ, રેસ્ટોરન્ટો, પેટ્રોલપંપ, ટોલપ્લાઝા, શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, હોસ્પીટલ, રેસ્ટહાઉસ, સોનીની દુકાનો, બેંકો, આંગડીયા પેઢી, ઢાબા, ટી-સ્ટોલ, ખાણીપીણીના સ્થળો, ધર્મશાળા/મુસાફિરખાના, મનોરંજનના તમામ સ્થળો ખાતે અંદર તથા બહાર બંને પ્રિમાઈસીસ સંપૂર્ણ કવર થાય તે મુજબ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. (૩) ઉપરોકત સ્થળો ખાતે રાખવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી એક સી.સી.ટી.વી. કેમેરા રોડ/રસ્તાની મુવમેન્ટ તથા એન્ટ્રી/એક્ઝિટની જગ્યા સંપૂર્ણપણે આવરી લેવાય તે રીતે લગાવવા મુજબની વ્યવસ્થા કરવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાં નો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ સુધારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## મોબાઈલ ફોનના ટ્રેકીંગ કરવામાં હાલમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૫૮/૨૫.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/મો. ફો. ટ્રેકિંગ જા.નામુ/૨૦૨૫/વશી-૫૨૩૮ થી ૫૨૬૭.-રાજ્યમાં બનતા વિવિધ ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે અને મોબાઈલ ચોરીઓના ગુન્હાનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરનાર સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા કાઢવા નીચે મુજબની માહિતી ઉપયોગી થાય છે.

૧. કોઈપણ (જુના કે નવા) મોબાઈલ વપરાશ ધારકે તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વહેંચેલ છે ? તે જાણવું જરૂરી છે.

૨. જે અંગે કોઈપણ (જુના કે નવા) મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વહેંચારનું તથા મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે જરૂરી છે.

મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાનાં મુળ સુધી પહોંચે ત્યારે આવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ મને આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. પરીણામે તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળી શકતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ/હેન્ડસેટ વિગેરે ફોટા સાથેના કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નકકી કરવામા આવતું જાહેરનામું બહાર પાડવામા આવે તો આવા મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓનાં મુળ સુધી પહોંચી શકાય તેમ હોય, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી સદરહુ બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય તે માટે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ જુનાં કે નવા મોબાઈલ લે-વેચ કરતા દુકાન ધારકોએ ગ્રાહકો પાસેથી ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું રજીસ્ટરમાં નોંધવુ ફરજીયાત બનાવવા નીચે મુજબના રજીસ્ટર નિભાવવા આથી જણાવવામાં આવે છે.

**જુના કે નવા મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/ કંપની/મોડલ નંબર | IMEI નંબર | મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે તેનું પુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર સહીત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

જૂના કે નવા મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/ કંપની/મોડલ નંબર | IMEI નંબર | મોબાઈલ કોને વેચેલ છે તેનું પુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર સહીત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

**ભંગાર લે-વેચ કરતા લોકો પાસે માહિતીનું રજીસ્ટર રાખવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૬૦/૨૫.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/ભંગાર લે-વેંચ જા.નામુ/૨૦૨૫/વશી-૫૧૭૮ થી ૫૨૦૭.-જિલ્લામાં ચોરીઓના અવાર-નવાર બનાવ બનતા હોય જે બનાવોમાં ઘણા કિસ્સાઓમાં ચોરી કરનાર ઈસમો ચોરેલી ચીજ વસ્તુઓ ભંગારની લે-વેચ કરતા વેપારીઓને સસ્તા ભાવે વેચી દેતા હોય છે અને તપાસ દરમ્યાન ભંગારનો લે-વેચનો ધંધો કરતા વેપારીઓનો સંપર્ક કરતા ભંગારની લે-વેચ કરતા વેપારીઓ પાસે ભંગાર વેંચવા આવેલ કે ખરીદ કરનારની કોઈ વિગત મળતી નથી કે તેઓ દ્વારા આવા કોઈ રજીસ્ટરો નિભાવવામાં આવતા નથી. જેથી ચોરી કરનાર ગુનેગારો સુધી પોલીસ સહેલાઈથી પહોચી શકતી નથી. જેથી આવા ભંગારની લે-વેંચ કરતા વેપારીઓએ ભંગાર વેંચવા આવનાર તેમજ ખરીદ કરવા આવનાર વ્યક્તિના નામ સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતુ રજીસ્ટર રાખવુ જરૂરી છે. જેથી પોલીસ વિભાગને જરૂર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાઈથી પહોચી શકાય જેથી નીચે જણાવેલ કોલમ મુજબનું રજીસ્ટર નિભાવવા ભંગાર લે-વેંચનો ધંધો કરતા વેપારીઓને અમલ કરાવવા સારૂં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉક્ત વંચાણવાળા પત્રથી તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લો વિસ્તારમાં ભંગાર લે-વેંચ કરનાર વેપારીઓને ભંગાર વેંચવા આવનાર તથા ખરીદ કરવા આવનાર વ્યકિતના નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવા માટે ભંગારનો સમાન લે-વેંચ કરનારા વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે. જેથી ભંગારનો સામાન ખરીદવા આવનાર તથા વેંચવા આવનાર વ્યકિત પાસેથી નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ જેવી જરૂરી માહિતી/આધાર પૂરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે કોલમ વાઈઝના રજીસ્ટરની સ્થાનિક પો.સ્ટે.ના સહી સિક્કા કરાવી નિભાવણી અવશ્યપણે કરવા આથી જણાવવામાં આવે છે.

**ભંગારનો સામાન લે-વેચ કરતી વખતે દુકાન ધારક/વેપારીએ નિભાવવાના થતા રજિસ્ટરનો નમુનો**

| ક્રમ | તારીખ | ભંગારનો પ્રકાર/વર્ણન તથા અન્ય વિગત | ભંગાર જેની પાસેથી ખરીદેલ હોય તેનું નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો | ભંગાર જેને વેચેલ હોય તેનુ નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો |
|---|---|---|---|---|
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**વિદેશી નાગરીકો/પરપ્રાંતિય લોકોને કામે/મજુરી માટે રાખવામાં આવે ત્યારે નાગરીકતાના પુરાવા તથા ગુનાહીત ઈતિહાસની જરૂરી ખાતરી કરવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૭૬૨/૨૫

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/મજુર ઠેકેદાર જાહેરનામું/૨૦૨૫/વશી ૫૨૦૮ થી ૫૨૩૭.-અત્રેના સુરેન્દ્રનગર જિલ્લામાં મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસ કરતાં મોટા ભાગના કિસ્સાઓમાં જાણવા મળેલ છે કે ગુજરાત બહારનાં રાજ્યોમાંથી આવેલ મજુરો પ્રાથમિક ધોરણે રોડ પર ખાડા ખોદવાનાં તેમજ ઔદ્યોગિક એકમોમાં મજુરી કામ મેળવી તથા ખેતી કામ કરી સ્થાનિક પરીસ્થિતીથી વાકેફ થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલકત વિરૂધ્ધના ગુન્હા આચરી પરત પોતાનાં વતનમાં જતા રહે છે અને આવા ગુન્હા વણશોધાયેલ રહે છે.

તાજેતરમાં અત્રેના રાજ્યમાં ગેરકાયદેસર રીતે ખોટા પુરાવા/દસ્તાવેજો બનાવી રહેતા હોય તેવા અન્ય દેશોના નાગરીકો પકડાયેલ છે આ નાગરીકો પૈકી અમુક નાગરીકો આતંકવાદી પ્રવૃતિઓમાં જોડાયેલ હોય તેવુ પણ જણાઈ આવેલ છે. આ નાગરીકો ઔદ્યોગિક એકમોમાં મજુર તરીકે/ સોનાચાંદીના વેપારીને ત્યાં કારીગર તરીકે તથા અન્ય મજુરી કામ કરતા હોય છે આવા લોકોને મજુર કે કારીગર તરીકે રાખતા પહેલા જે તે ઔદ્યોગિક એકમોના સંચાલકો/વેપારીઓ કોઈપણ જાતના નાગરિકતાના પુરાવા કે ગુનાહીત ઈતિહાસની માહીતી મેળવ્યા સિવાય કામે રાખતા હોય છે જે દેશની સુરક્ષા સંદર્ભે ખૂબજ ગંભીર બાબત છે.

જેથી અત્રેના જિલ્લામાં જે પણ ઔદ્યોગિક એકમો/દુકાનો/ખેત મજુરો/અન્ય કોઈ રીતે વિદેશી નાગરીકો/પરપ્રાંતિય લોકો કામે/મજુરી માટે રાખવામાં આવે ત્યારે જે તે ઔદ્યોગિક એકમ સંચાલક/દુકાનના માલિક/મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોન્ટ્રાકટરોએ કામે/મજુરી માટે રાખવામાં આવનાર ઈસમના નાગરીકતાના પુરાવા તથા ગુનાહીત ઈતિહાસની જરૂરી ખાતરી કર્યા બાદ જ કામે રાખવા તેમજ નીચે જણાવેલ ફોર્મ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડે તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી સદરહુ બાબતે તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૧-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય તે માટે કોઈ પણ મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે જ્યારે મજુરો કામે રાખે ત્યારે નીચે જણાવેલ ફોર્મ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટશેન ખાતે રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

**મજુરો ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે જ્યારે મજુરો કામે રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં માહીતી આપવાનું ફોર્મ**

| | | |
|---|---|---|
| ૧. | લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબર સહિત | |
| ૨. | મજુરનું નામ તથા ઉંમર વર્ષ | |
| ૩. | મજુરનું હાલનું સરનામું તથા મોબાઈલ નંબર | |
| ૪. | મજુરનું મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જિલ્લો | |
| ૫. | હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ | |
| ૬. | મજુરના વતનનાં સ્થાનિક પો. સ્ટે.નું નામ તથા જિલ્લો અને ટેલીફોન નંબર | |
| ૭. | મજુરના વતનના આગેવાનું નામ, સરનામું, સંપર્ક નંબર | |
| ૮. | મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | |
| ૯. | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે | |
| ૧૦. | મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું) | |
| ૧૧. | સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ? | |
| ૧૨. | સુરેન્દ્રનગર જિલ્લામાં નજીકના સંબંધી હોય તો તેનું નામ સરનામું અને સંપર્ક નંબર | |
| ૧૩. | મજુરના ભાઈ / બેહનાના નામ / સરનામા / મોબાઈલ નંબર | |
| ૧૪. | મજુરના કાકા / માસાનાં નામ / સરનામા / મોબાઈલ નંબર | |
| ૧૫. | હાલમાં જ્યાં રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામા, મોબઈલ નંબર | |
| ૧૬. | આધારકાર્ડ નંબર | |
| ૧૭. | નાગરીકતાના પુરાવા અન્ય પુરાવા (નકલ સાથે) | |
| ૧૮. | અન્ય માહિતી | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગૂઠાનું નિશાન : ..............................................................

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી : ................................................

નામ : ..........................................................................................

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

**મકાન ભાડે આપવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

**વંચાણ :** પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૫૯/૨૫.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/ભાડે મકાન જાહેરનામુ/૨૦૨૫/વશી ૫૧૪૮ થી ૫૧૭૭.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચે છે અને આ વિસ્તારનો સરવે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે ન આપે તેમજ ભાડે આપેલ મકાનની વિગત જે તે પોલીસ સ્ટેશન ખાતે માહિતી આપવા અંગેનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ નો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગણવા તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા વંચાણવાળા પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આર. કે. ઓઝા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, અમોને મળેલ અધિકારની રૂઈએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચો. મી. બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ | મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂપિયા | કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહીત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

## જુના વાહનો લે-વેચ કરતા લોકો પાસે આઈડેન્ટિટી ચકાસી નામ, સરનામાની માહિતીનું રજિસ્ટર રાખવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

વંચાણ : પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૧-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૭૬૧/૨૫

### જાહેરનામું

ક્રમાંક : મજસ-૧/જુ.વા. લે-વેચ જાહેરનામુ/૨૦૨૫/વશી-૫૧૧૮ થી ૫૧૪૭.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આંતકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આંતક ફેલાવવાનાં હેતુથી રજીસ્ટર ન થયા/થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે. આંતકવાદી કૃત્યમાં આવા વાહનોના ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધ નહી હોવાના કારણે તેના મૂળ માલિક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબજ મુશ્કેલ બનતું હોય છે. મહદ અંશે આવા વાહનોના વેચાણ વખતે અથવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પૂરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ તથા લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમાં છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન પહોચે તેવી કોશીષ કરી રહયા હોઈ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણવાળા પત્રથી સદરહુ બાબતે તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, આર. કે. ઓઝા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજીક તત્વો રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનીક પરીસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતીઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જૂના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે-જ્યારે આવા નવા/જૂના વાહનોનું વેચાણ કરે, રજીસ્ટર થયેલ હોય તેવા જૂના વાહનોની લે-વેચ કરે કે વાહનો ભાડે આપે ત્યારે જે વ્યકિતને આવું વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પૂરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે કોલમ વાઈઝના રજીસ્ટરની સ્થાનિક પો.સ્ટે. ના સહી સિકકા કરાવી નિભાવણી અવશ્યપણે કરવા આથી જણાવવામાં આવે છે.

**જુના વાહન લે-વેચ કરતી વખતે દુકાન ધારક/વેપારીએ નીભાવવાના થતા રજીસ્ટરનો નમુનો**

| ક્રમ | વાહન કોને વેચાલ છે/કોની પાસેથી ખરીદેલ છે/કોને ભાડે આપેલ છે. તેનું પૂરૂ નામ, જ્ઞાતી (જાત), ઉંમર, સરનામું કોન્ટેક નંબર | વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર | રજુ કરેલ આધાર પુરાવા જેવા કે, રેશનકાર્ડ/ ચુંટણીકાર્ડ/ડ્રા. લાયસન્સ/બેન્કની પાસુબુક/ પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૧૨-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધી (બંન્ને તારીખો સહિત) અમલમાં રહેશે અને આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ માહે, નવેમ્બર, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

આર. કે. ઓઝા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો

## પોલીસ કમિશ્નર દ્વારા

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ અન્વયે કાઢેલ હુકમ

## મકરસંક્રાતિ જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/મકરસંક્રાંતી જાહેરનામુ/૪૮૦૨/૨૦૨૫.-આગામી તા. ૧૪-૦૧-૨૦૨૬ ના રોજ રાજકોટ શહેરમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) રાજકોટ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા હાથમાં લાંબા ઝંડાઓ, વાસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા દોડી કરતાં હોય છે. જેના કારણે ટ્રાફિક અવરોધ ઉભો કરતાં હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલિફોન/ઈલેકટ્રીકના તાર ઉપર વાંસાડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલિફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટસર્કિટના કારણે ગંભીર બનાવો બનતા હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતાં હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાના કારણે કોઈ વ્યક્તિના શરીરના કોઈ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાઈ જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે રાજકોટ શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને ઘણુંજ નુકશાન થાય છે. જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

તેમજ ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના પત્ર ક્રમાંક : HD/MS/e-file/B/2025/0778/SB તા. ૧૭-૦૯-૨૦૨૫ આધારે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી અંગે જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી જાહેરનામું બહાર પાડવા તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન તથા ચાઈનીઝ દોરાના પ્રતિબંધ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જણાવેલ હોય.

નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ નાઓએ અરજી નં. ૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬ ના કામે તા. ૧૪-૧૨-૨૦૧૬ ના રોજ હુકમ કરી સમગ્ર દેશમાં કોઈપણ પ્રકારની સેન્થટીક દોરી કે જે નાયલોન, સેન્થેટીક મટીરીયલ, સેન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય કે જેના ઉપર કાચ અને લોખંડ કે અન્ય હાનિકારક તત્વોનો લેપ ચડાવી દોરા તૈયાર કરેલ હોય તેવા દોરા મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા કે તેનાથી પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ જાહેર કરેલ છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.હેડ કોન્સ.નો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફુટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) પતંગ ચગાવવા (ઉડાડવા) માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલો, સેન્થટીક મટીરીયલ, કે સેન્થટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડીબલ હોય તે ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા પર.

(૩) કોઈ પણ પ્રકારના સેન્થટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઈ પણ પ્રકારના દોરા લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/પાઉડર કે અન્ય કોઈ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય તેવા દોરા મેળવવા, સેન્થટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન રવા, કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવા માટે તેનો ઉપયોગ કરવા પર.

(૪) ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચવા પર.

(૫) દરેક સામાવાળાઓએ સેન્થટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સેન્થટીક કોટેડ દોરાની આયાત પર.

(૬) સવારના કલાક ક.૦૬-૦૦ થી ૦૮-૦૦ તથા સાંજના ક.૧૮-૦૦ થી ૨૦-૦૦ ના ગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાંથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ ઘાયલ તથા ઈજાગ્રસ્ત થાય છે. તેથી તે સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર.

(૭) ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્ન, ઉડાડવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર.

(૮) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત વગાડવા ઉપર કે ભાષણો કે પ્રવચનો કરવા ઉપર.

(૯) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

**: સ્પષ્ટીકરણ :**

ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૦૯-૨૦૨૫ ના સમાનાંકી પરીપત્ર થી સુચનાઓ બહાર પાડવામાં આવેલ જે પરીપત્ર સંબંધમાં નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૦-૧૦-૨૦૨૫ ના હુકમ અન્વયે નીચે મુજબ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

''પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારીત ગુંદર અને અન્ય સામાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદનથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો જે કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માજા કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે.''

**: અમલવારીનો સમય અને વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૦૭-૧૨-૨૦૨૫ ના ક. ૦૦-૦૦ થી તા. ૧૬-૦૧-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞાપ્તિ :**

તમામને વ્યક્તિગત રીતે આ નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છુ કે, જાહેર જનતાની જાણ સારૂં શહેર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ હુકમની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવી.

આજ રોજ તારીખ ૦૨-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૨ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/Junior Engineer પરીક્ષા/જાહેરનામું/૪૮૦૧/૨૦૨૫.- સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા લેવાનાર Junior Engineer (Civil, Mechanical, Electrical)-૨૦૨૫ની પરીક્ષા રાજકોટ શહેરમાં કુલ-૧ કેન્દ્ર (ફ્યુચર ઈન્ફોટેક, જથો માળ, વેસ્ટ ગેટ-૨ બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રોડ) ખાતે તા. ૦૩,૦૪-૧૨-૨૦૨૫ સુધી કુલ-૦૨ દિવસ સવારના પહેળી સિફ્ટ ક. ૧૦-૦૦ થી ક. ૧૨-૦૦ તથા બીજી સિફ્ટ ક.૧૫-૦૦ થી ક. ૧૭-૦૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે. તથા Sub-Inspector in Delhi Police and Central Armed Police Forces-૨૦૨૫ની પરીક્ષા રાજકોટ શહેરમાં કુલ-૧ કેન્દ્ર (ફ્યુચર ઈન્ફોટેક, જથો માળ, વેસ્ટ ગેટ-૨ બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રોડ) ખાતે તા. ૦૯,૧૦,૧૧-૧૨-૨૦૨૫ સુધી કુલ--૦૩ દિવસ સવારના પહેલી સિફ્ટ ક. ૧૦-૦૦ થી ક. ૧૨-૦૦ તથા બીજી સિફ્ટ ક. ૧૫-૦૦ થી ક. ૧૭-૦૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૦૩,૦૪,૦૯,૧૦,૧૧-૧૨-૨૦૨૫ સુધી કુલ-૦૫ દિવસ સવારના પહેલી શિપટ ક. ૧૦-૦૦ થી ક. ૧૨-૦૦ તથા બીજી સિફ્ટ ક. ૧૫-૦૦ થી ક. ૧૭-૦૦ વાગ્યા સુધી શહેરના જે પરીક્ષા (ફ્યુચર ઈન્ફોટેક, જથો માળ, વેસ્ટ ગેટ-૨ બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રોડ) માં પરીક્ષા લેવાનાર છે. તે કેન્દ્ર(શાળા) ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ત્રિજ્યામાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી કે શાળામાં પ્રવેશ કરશે નહીં કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહીં કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જઈ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

હું બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તા અને અધિકારની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. તેમજ નીચ જણાવેલ કૃત્યો કરવા ઉપર તા.૦૩,૦૪,૦૯,૧૦,૧૧-૧૨-૨૦૨૫ વાગ્યા સુધી સવારના કલાક ૦૯-૦૦ થી કલાક ૧૮-૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ ફરમાવુ છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળા પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળા (પરીક્ષા કેન્દ્ર) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજ્યાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળા(પરીક્ષા કેન્દ્ર)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળામાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

(૩) શાળાની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં.

(૪) શાળા (પરીક્ષા કેન્દ્ર)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહીં.

(૫) શાળા (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, I-Pad, સ્માર્ટ વોચ, જેવા ડિજીટલ ઉપકરણો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી.

(૬) શાળા (પરીક્ષા કેન્દ્ર) ના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે તે ઓળખકાર્ડ સબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર) આજુબાજુની ૨૦૦ મીટરની ત્રિજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

**: વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ ફ્યુચર ઈન્ફોટેક, જથો માળ, વેસ્ટ ગેટ-૨ બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રોડ, ખાતે આવેલ પરીક્ષા કેન્દ્ર.

**: અપવાદ :**

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ.

(૨) કોઈ લગ્નના વરઘોડાને (શરતોને આધીન મંજુરી મેળવેલ)

(૩) કોઈ સ્મશાન યાત્રાને

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી. ના અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર થશે.

હુ આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ હુકમની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તા. ૦૨-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૨ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0009/11/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, રાધિકા રેસીડેન્સી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502043, Date : 20-11-2025 છે.

રાજકોટ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0007/11/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, હાઈસ્ટ્રીટ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502042, Date : 20-11-2025 છે.

રાજકોટ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0003/11/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, મધુવન હાઈટસ કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502040, Date : 20-11-2025 છે.

રાજકોટ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0005/11/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ઓસ્કાર કિંગ્સવિલે કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502041, Date : 20-11-2025 છે.

રાજકોટ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0011/11/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ફોર્ચ્યુન વિસ્તારા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502044, Date : 20-11-2025 છે.

રાજકોટ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0002/12/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, રોયલ એન્કલેવ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના

અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502145, Date : 03-12-2025 છે.

રાજકોટ, ૦૩ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0004/12/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ગોલ્ડન પ્લાઝા કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502146, Date : 03-12-2025 છે.

રાજકોટ, ૦૩ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0015/12/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રીજી પ્રાઈમ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502212, Date : 09-12-2025 છે.

રાજકોટ, ૦૯ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0013/12/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, પંચવટી ગ્રીન્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502211, Date : 09-12-2025 છે.

રાજકોટ, ૦૯ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0011/12/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, વ્યંકટેશ પ્રાઈમ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. જેતપુર, તા. જેતપુર, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502210, Date : 09-12-2025 છે.

રાજકોટ, ૦૯ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCHRJ/0006/12/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, એવરેસ્ટ હિલ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202502147, Date : 03-12-2025 છે.

રાજકોટ, ૦૩ માહે ડીસેમ્બર, સને ૨૦૨૫.

**વાય. ડી. દુધાત્રા**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.27 08:57:29 IST